# હું મારા અંતર આત્માના અવાજ પ્રમાણે વોટ આપીશ પહેલાં મારા "લાલા"ને પુછીશ : સજનબા

**૧૦૨ વર્ષના સજનબા ૨૫ વર્ષથી કૈલાસધામમાં રહે છે, તમામ ચૂંટણીમાં મતદાન કરે છે : ફતેપુરા પ્રાથમિક શાળામાં તેમનુ મતદાન મથક છે તે પણ તેઓને ખબર છે**





ગાંધીનગર, તા. ૮

"હા, ભાઈ આ વખતે પણ ચૂંટણીમાં હું મતદાન કરવા ગાડીમાં જઈશ અને મારો મત અંતરાત્માના અવાજ પ્રમાણે આપીશ. મત આપવા જતા પહેલા હું મારા લાલાને જ પુછીશ અને મારો લાલો જે સુઝાડે તે ખરૂ."

આ શબ્દો ગાંધીનગર (ઉ) વિધાનસભા મત વિસ્તારમાં ૧૦૨ વર્ષની આયુ ધરાવતા સજનબાના છે. ગાંધીનગર-મહુડી માર્ગ પર પેથાપુર નજીક આવેલ કૈલાસધામમાં રહેતા સજનબાએ જણાવ્યુ હતુ કે છેલ્લા ૨૫ વર્ષથી તેઓ અહીં રહી રહ્યા છે અને ચૂંટણીમાં મતદાન કરવા માટે ફતેપુરા ખાતેના મતદાન કેન્દ્ર પર ગાડીમાં જાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# દહેગામ બેઠક પર આમ આદમી પાર્ટીએ ઉમેદવારમાં બદલાવ કર્યો

**યુવરાજસિંહના સ્થાને ઝાંકના સરપંચ સુહાગ પંચાલની પસંદગી**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાની દહેગામ બેઠક પર આમ આદમી પાર્ટીએ તેના જાહેર કરેલ ઉમેદવાર યુવરાજસિંહને બદલે સુહાગ પંચાલના નામની સત્તાવાર જાહેરાત કરી છે.

યુવરાજસિંહનો ૭ જિલ્લાઓમાં પ્રચારના સંકલન અને સ્ટાર પ્રચારકની યાદીમાં મુકવામાં આવ્યા છે. દહેગામ વિધાનસભા બેઠક પર ઉમેદવાર તરીકે વિદ્યાર્થી નેતા તરીકે બહાર આવેલા યુવરાજસિંહના નામની જાહેરાત કરાઈ હતી. જો કે તેઓ આયાતી ઉમેદવાર હોવાને લઈ સ્થાનિક આગેવાનોમાં રોષ ઉઠ્યો હતો.

ત્રણ દિવસ સુધી સતત યુવરાજસિંહે પણ તેઓ દહેગામ રહેતા હોવાનુ કહી સ્થાનિકોના રોષને ઠંડો પાડવાના પ્રયાસો કર્યા હતા. જો કે સ્થાનિક કાર્યકરો અને આગેવાનો માન્યા ન હતા. આ પછી બધાએ આમ આદમી પાર્ટીના કાર્યાલય પર ધરણા કર્યા હતા તેમજ સામુહિક રાજીનામાના સંકેતો મળતાં જ પ્રદેશ નેતાઓ હરકતમાં આવ્યા હતા.

આમ આદમી પાર્ટીએ આજે તેની યાદી જાહેર કરી તેમાં કોંગ્રેસ છોડી આમ આદમી પાર્ટીમાં જોડાયેલા ઝાંકના સરપંચ સુહાગ પંચાલના નામની જાહેરાત કરી છે.

જો કે આજે સવારથી ઉમેદવાર તરીકે સ્થાનિક વેપારીના નામની ચાલેલી અફવાથી વેપારી અને તેના પરિવારના સભ્યો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

સુહાગ પંચાલ દહેગામ તાલુકા સરપંચ એસો.ના પ્રમુખ રહી ચુક્યા છે તેમજ ગામમાં તેમણે વિકાસને વેગીલો બનાવી ગામમાં વિવિધ સુવિધાઓના સુદઢીકરણ તેમજ નવીનીકરણ પર ખાસ ભાર મુક્યો છે.

# @-ઈલેક્શન

- કોંગ્રેસના પીઢ નેતા મોહનસિંહ રાઠવાએ સાંજે કેસરીયો ખેસ પહેરી લેતા કોંગ્રેસમાં સન્નાટો.
- મોડી સાંજે ભાજપના ૫૦ નેતાના નામ ટીકીટ માટે નક્કી હોવાના અહેવાલો વહેતા થતાં રાજ્યભરમાં વ્યાપક ચર્ચા.
- કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા અને પૂર્વ નાણાંમંત્રી પી. ચીદમ્બરમ્ અમદાવાદ પહોંચ્યા હતા અને પ્રેસ કોન્ફરન્સ સંબોધી હતી.
- આજે બપોરે ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સંબીત પાત્રા પત્રકારો સાથે વાતચીત કરશે.
- આમ આદમી પાર્ટીના સુપ્રિમો અરિવંદ કેજરીવાલે જૂનાગઢ, કેશોદ અને માંગરોળમાં રોડ શૉ યોજ્યો જ્યારે પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલીયાએ સુરતના લિંબાયતમાં રોડ શૉ યોજ્યો હતો.
- આમ આદમી પાર્ટીએ વધુ સાત ઉમેદવારો જાહેર કર્યા હતા. આજ સુધી ૧૫૮ ઉમેદવારો જાહેર કર્યા જ્યારે દહેગામના ઉમેદવાર બદલવામાં આવ્યા.
- ભાજપના નેતા અલ્પેશ ઠાકોરે ઠાકોર મુખ્યમંત્રીની માંગણી કરી.
- સૌરાષ્ટ્રના બે સંસદ સભ્યો મોહન કુંડારીયા અને પુનમ માડમને ભાજપ ઉમેદવાર બનાવી શકે છે.
- બીટીપી અને જેડીયુ ગઠબંધન અંગે પિતા-પુત્ર સામ સામે.
- ગુજરાતના પૂર્વ આઈપીએસ અધિકારી બી.જી. વણઝારાએ નવો રાજકીય પક્ષ પ્રજા વિજય પક્ષની જાહેરાત કરી હતી.
- પાટીદાર ફેડરેશનની બેઠકમાં માત્ર સંગઠનની વાત કરી પાટીદારો સામેના કેસ પાછા ખેંચવાની માંગણી કરાઈ.
- કેન્દ્રિય મંત્રી પીયુષ ગોયેલ આજે વડોદરામાં પત્રકાર પરિષદ સંબોધી હતી.
- દસમીએ ભાજપના ઉમેદવારોની પ્રથમ યાદી બહાર પડશે.

# ખર્ચ માટેના સંવેદનશીલ પોકેટ્સ શોધી પંચને યાદી મોકલવાની સૂચના

**ગાંધીનગર (ઉ) અને કલોલ એ ખર્ચ માટે અગાઉ સંવેદનશીલ બેઠકો જાહેર થઈ છે : તંત્ર દોડ્યુ**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાના પાંચ મત વિસ્તારોમાં ખર્ચની રીતે સંવેદનશીલ પોકેટસ્‌ને ઓળખી અને તેની જાણ પંચને કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં પહેલીવાર કલોલ અને ગાંધીનગર (ઉ) એ ખર્ચની દષ્ટિએ સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા છે. ગાંધીનગર જિલ્લાના આ બે વિધાનસભા મત વિસ્તારો ખર્ચ માટે સંવેદનશીલ જાહેર થયા બાદ તંત્રએ પણ આ દિશામાં અતિ બારીકાઈભરી નજર સાથે ચૂંટણીની ગતિવિધિ પર નજર રાખવાની વ્યુહરચના તૈયાર કરી દીધી છે.

ચૂંટણી જાહેર થવાને આડે હવે માંડ ૪૦ કલાકથી પણ ઓછો સમય બચ્યો છે ત્યારે પંચ તરફથી આ નવી સૂચના મળતાં તંત્ર દોડતુ થયુ છે.

ચૂંટણીપંચ પહેલીવાર ચૂંટણીખર્ચ પરના નિયંત્રણને લઈ ખુબ જ સક્રિય થયેલ છે અને ખુબ જ નાની બાબતો પર તેનુ ધ્યાન કેન્દ્રીત કરી ખર્ચને નિયંત્રિત કરવા પર ભાર મુકી રહેલ છે.

ગાંધીનગર જિલ્લાનો ચૂંટણી જંગ બીજા તબક્કામાં છે. જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો છે જેમાંથી ગાંધીનગર (ઉ), કલોલ અને માણસા બેઠકો પર કોંગ્રેસ વિજયી થઈ હતી જ્યારે ગાંધીનગર (દ) અને દહેગામ બેઠક પર ભાજપ વિજયી થયેલ હતી.

ચૂંટણી માટે તંત્રએ એફ.એસ.ટી. વી.વી.ટી. તેમજ એસ.એસ.ટી.ની ટીમો કાર્યરત કરી દીધી છે. ગાંધીનગર (ઉ) અને કલોલ આર્થિક રીતે સંવેદનશીલ જાહેર થતાં અહિ આ ટીમોની સંખ્યા વધારવા માટેની દરખાસ્ત પણ જિલ્લાતંત્રને મોકલી અપાઈ છે.

તંત્ર દ્વારા વીડીયો વ્યુવીંગ ટીમ માટે અલાયદી વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી રહી છે. એફ.એસ.ટી.ની ટીમો કાર્યરત થઈ ગઈ છે જ્યારે એસ.એસ.ટી.ની ટીમો ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ કાર્યરત થઈ જશે.

આ વખતે ખર્ચ મોનીટરીંગ માટે મુખ્ય નોડલ ઓફિસર તરીકે જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ છે તેમના હાથ નીચે ૧૨ થી વધુ અધિકારીઓની ટીમ પણ રચી દેવામાં આવી છે. ગઈકાલે આ માટેની એક બેઠક પણ થઈ ગઈ છે.

દરમ્યાન આગામી એકાદ દિવસમાં ચૂંટણી માટે ખર્ચ ઓબ્ઝર્વરની નિમણુંક કરી દેવામાં આવશે અને તેઓ ૧૦મીએ ગાંધીનગર આવી સીધા કલેક્ટર અને એક્સપેન્ડીયર નોડલ ઓફિસર અને તેમની ટીમ સાથે બેઠક કરશે તેમ જાણવા મળેલ છે.

# શહેરમાં વેરા વસુલાતની આવક નહિવત છતાં પાણીનો દર યથાવત

**ત્રણ વર્ષ દર વધારવા દરખાસ્ત કરવામાં આવી હતી હજુ સુધી કોઈ નિર્ણય લેવાયો નથી**

શહેરમાં નર્મદાનું પાણી સપ્લાય કરવાના દર માં વધારો કરવાની યોજના અન્વયે છેલ્લા ત્રણ વર્ષથી કોઈ નિર્ણય લવાયો નથી . જયારે વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થતા કોઈ નિર્ણય લેવાશે નહીં. ચૂંટણી વેળા એ વેરા માં વધારો કરવા ની વાત આમ પણ અવિચારણીય હોવાનું મનાઈ રહ્યું છે જેના લીધે પાણીના દર વધારવાની વાત છેલ્લા ત્રણ વર્ષથી વૈચારિક તબક્કામાં જ છે

શહેરમાં પાણીના વ્યવસ્થાપન પાછળ ખર્ચાતા વર્ષિક રૂપિયા ૨૪ કરોડની સામે પાણી વેરા તરીકે માંડ કરીને ૧૦ ટકા જેટલી આવક થવાની વાત નવી નથી. ૨.૫૦ કરોડ જેટલા વેરાના લેણા માટે સરકારી તંત્રને આખું વર્ષ ઝુંબેશ સ્વરુપેજ કામગીરી કરવી પડે છે . નહીંવત આવકનો આંકડો ડબલ થાય તો પણ થોડી રાહત મળે તેના માટે ખાનગી આવાસો પાસેથી લેવાતો રૂપિયા ૩૬૦નો દર વાર્ષિક રૂપિયા ૭૨૦ કરવા માટે મંજુરી માગતી દરખાસ્ત અગાઉ સરકારને મોકલાઈ હતી. તંત્રના અધિકારીઓની ધારણા મુજબ સરકાર દરખાસ્તને હાથ પર લેશે ત્યારે પાણીના દર ડબલ કરવામાં ન આવે તો પણ વધારો તો મળશે, તેથી આવકમાં વધારો થશે. પરંતુ આવુ કંઈ થાય તેના પહેલા સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગતની મીટર મુકીને ૨૪ કલાક પાણી આપવાની યોજના અમલી બની શકે તેમ છે. જોકે આ યોજના પુરી થવામાં

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં જમીનદારો આર્થિક અનામતનો લાભ મેળવે છે : કે. જી. વણઝારા

ગાંધીનગર, તા. ૮

ગુજરાતના પૂર્વ અધિક સચિવ અને ગુજરાત હાઈકોર્ટના વકીલ કે.જી. વણઝારાએ આર્થિક અનામતની કેટલીક જોગવાઈઓ બાબતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખી રજૂઆત કરી છે.

જમીન ધરાવતા અમીર સવર્ણો પણ કેટલીક જોગવાઈઓના કારણે આર્થિક અનામતનો લાભ લઈ લે છે જ્યારે ગરીબ સવર્ણો લાભથી વંચિત રહે છે.

તેઓએ લખેલા પત્રમાં જણાવ્યુ છે કે સન ૨૦૧૯માં કરાયેલા ૧૦૩માં બંધારણીય સુધારાથી આર્થિક રીતે નબળા વર્ગો (ઈડબલ્યુએસ) માટે ૧૦ ટકા અનામતનો બંધારણીય સુધારો આવકારદાયક છે. પરંતુ અનામતના લાભ માટે વાર્ષિક આઠ લાખ કરતા ઓછી આવકના માપદંડ સાથે સ્થાવર મિલકતનો માપદંડ પણ દાખલ કરવો જોઈએ.

ગુજરાત સરકારી ખેતીની કે બીન ખેતીની જમીનોના માપદંડને જોડ્યો ન હોવાથી ગ્રામ્ય કે શહેરી વિસ્તારમાં કરોડો રૂપિયાના બંગલા, જમીનના પ્લોટ તેમજ ખેતીની ૫૦ કે ૧૦૦ વીઘા જમીન ધરાવનાર મોટા ખેડૂતો આર્થિક અનામતનો લાભ લઈ લે છે. જ્યારે ગરીબ સવર્ણો લાભથી વંચિત રહે છે. બંધારણીય જોગવાઈ પ્રમાણે તેમાં સુધારો કરવામાં આવે તો સાચા જરૂરિયાતમંદ સુધી આર્થિક અનામતનો ફાયદો પહોંચી શકે છે.

# કોંગ્રેસના પીઢ નેતા મોહનસિંહ રાઠવાનું કોંગ્રેસમાંથી રાજીનામું : ભાજપમાં જોડાયા



અમદાવાદ, તા.૮

ગુજરાત વિધાનસભા ચૂંટણી નજીક આવતા ગુજરાતમાં ગરમાવો વધી રહ્યો છે. કોંગ્રેસના એક બાદ એક ગઢમાં ગાબડું પડી રહ્યું છે જયારે ચૂંટણી પૂર્વે જ કોંગ્રેસના વધુ એક ધારાસભ્યે પંજાનો હાથ છોડવાનો નિર્ણય કર્યો છે. ઐતિહાસિક રેકોર્ડ ધરાવતા કોંગ્રેસના છોટા ઉદેપુરના વર્તમાન ધારાસભ્ય મોહનસિંહ રાઠવાએ કોંગ્રેસમાંથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે.

મળતી માહિતી પ્રમાણે છોટા ઉદેપુરના એમએલએ રાઠવા કેસરિયો ધારણ કરીને ભાજપમાં જોડાઈ શકે છે.

તેમણે ગુજરાત કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોરને પત્ર લખીને પક્ષના તમામ પદેથી અને કોંગ્રેસના સભ્ય પદેથી રાજીનામું મોકલાવ્યું છે. મોહનસિંહ રાઠવા ગુજરાત કોંગ્રેસના ટોચના દિગ્ગજ નેતા કહેવાય છે. રાઠવા છેલ્લા ૫૫ વર્ષથી કોંગ્રેસના સક્રિય કાર્યકર રહ્યાં છે અને અચાનક આ રાજીનામું અનેક સવાલો ઉભા કરી જાય છે.

રાઠવા પાસે મોટી આદિવાસી વોટબેંક હોવાનું મનાઈ રહ્યું છે. આદિવાસી પૂર્વ પટ્ટીમાં રાઠવાનું મોટું નામ છે અને નરેન્દ્ર મોદીએ ગુજરાત ચૂંટણીની જાહેરાત બાદ પ્રથમ સભા આદિવાસી વિસ્તાર વલસાડના કપરાડામાં કરીને આદિવાસી મતબેંક કબ્જે કરવા સંકેત આપ્યા હતા અને આજે આ દિગ્ગજ નેતાનું ભાજપમાં જવું મોદીની મજબૂત પોલિટીકલ પ્લાનિંગના સંકેત છે.

# સરકારી આવાસોમાં શરતભંગના કિસ્સામાં વહીવટી તંત્રની નિરસતા

**ઈ વિકશન કોર્ટમાં પણ લાંબા સમયથી કેસ પેન્ડીંગ આવાસની ફાળવણી વધુ મુશ્કેલ**

ગાંધીનગર, તા. ૮

શહેરના સેક્ટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના આવાસોમાં હજુ શરત ભંગના કિસ્સા જોવા મળે છે અલબત્ત આવાસોમાં અનઅધિકૃત કબ્જેદારોનો વસવાટ છે ત્યારે બીજીતરફ તંત્રના ચોપડે આવાસ ઈછુક કર્મચારીઓની યાદી પણ મોટી છે આવા સંજોગોમાં ઈ વિકશન કેસ નૉ ઝડપી નિકાલ આવે તેવી માંગ પણ પ્રબળ બની છે એક અંદાજ મુજબ ૨૦૦ જેટલા કેસ પેન્ડીંગ છે ત્યારે મકાનોની ઉપલબ્ધી માટે નવા આવાસો પણ ઝડપી તૈયાર થાય તેવી પણ સતત રજુઆત થઈ રહી છે

શહેરના સેક્ટરોમાં સ્થિત વિવિધ કક્ષાના આવાસો કર્મચારીઓ તેમજ અધિકારીઓને નિયમ મુજબ ફાળવવામાં આવે છે અગાઉ સરકારી આવાસની સંખ્યા ૧૬ હજારથી વધુ હતી. જયારે આજની સ્થિતિએ આ પૈકીના ૮,૪૦૦ જેટલા આવાસ ઉપયોગમાં લેવામાં આવી રહ્યાં છે. ઘણા આવાસ વર્ષો વિતવાની સાથે બિસ્માર બનતાં રહેવાલાયક રહ્યાં નથી અને ઘણા જોખમી હાલતમાં આવી ગયાં છે. તેથી આ પ્રકારના આવાસની ફાળવણી પાટનગર યોજના વિભાગ દ્વારા બંધ કરી દેવામાં આવી છે. સરકાર દ્વારા મકાનની ફાળવણી શરતોને આધિન કરવામાં આવે છે. તેમાં મુખ્ય શરત બદલી થવાની સાથે અને નિવૃત થવાની સાથે આવાસ ખાલી કરીને પાટનગર યોજના વિભાગને પરત સોંપવાનું હોય છે.

ઉપરાંત સંસ્થાઓના કિસ્સામાં આવાસનો નિયત હેતુ માટે ઉપયાગ કરવાની સાથે તેનું ભાડું નિયમિત ભરવા સહિતની શરતોનો સમાવેશ કરવામાં આવે છે. આવી શરતનો લાભાર્થી દ્વારા ભંગ કરવામાં આવે તેવા સંજોગોમાં વિભાગની રેન્ટ શાખા તરફથી નોટિસ આપવા સહિતની પ્રક્રિયા કરવામાં આવ્યા પછી જો પરિણામ ન મળે તો લાભાર્થી સામે ઈવિકસન કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવે છે. હાલમાં સરકારી આવાસની ઉપલબ્ધિ સામે અરજદારોની સંખ્યા વધી ગઈ હોવાથી રેન્ટ શાખા દ્વારા લાભાર્થીઓની પ્રતિક્ષા યાદિ તૈયાર કરવામાં આવે છે અને આવાસ ઉપલબ્ધ થયે તે મુજબ આવાસની ઉપલબ્ધી થાય છે આવા સંજોગોમાં તંત્રના ચોપડે આવાસ માટે ની પ્રતીક્ષા યાદી મોટી થતી જાય છે ત્યારે અનઅધિકૃત કબ્જેદારોને દૂર કરવા માટે ઝડપી કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી લાગણી પણ પ્રબળ બની છે.

# વણઝારા સમાજ ભાજપના સમર્થનમાં છે અને હંમેશા રહેશે

**ગાંધીનગર દક્ષિણ બેઠક પર અગ્રણી ગોવિંદભાઈ વણઝારાને ટીકીટ ફાળવી સમાજને યોગ્ય પ્રતિનિધિત્વ આપવામાં આવે તેવી અપીલ**

ગાંધીનગર

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જાહેર થતાં જ કેટલાક રાષ્ટ્રીય અને પ્રાદેશિક પક્ષો વચ્ચે ગઠન તથા નવા પક્ષોની રચનાને પગલે ચૂંટણીનો માહોલ ગરમાયો છે. ત્યારે નવા સ્થપાયેલા પ્રજા વિજય પક્ષને કારણે ચોકકસ જ્ઞાતિ સમાજ દ્વારા આ પક્ષને સમર્થન હોવાની સંભાવના કે દાવાને સમસ્ત ગુજરાત વણઝારા સમાજ તરફથી અર્થહીન જણાવી સમાજ માત્ર ભારતીય જનતા પક્ષના સમર્થનમાં હોવાનું જણાવવામાં આવ્યું છે.

સમસ્ત ગુજરાત વણઝારા સમાજની યાદીમાં જણાવાયું છે કે વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને પ્રજા વિજય પક્ષની સ્થાપના કરવાની જે જાહેરાત થઈ છે તેને વણઝારા સમાજ સાથે સીધી કોઈ નિસ્બત નથી નવા પક્ષની રચના કે સંગઠનનો વ્યાપક ધ્યેય અલગ હોઈ શકે છે જે માત્ર જ્ઞાતિ સમાજ પુરતો સીમિત હોય નહીં. વધુમાં ઉમેર્યું છે કે સમગ્ર વણઝારા સમાજ હંમેશા ભાજપના સમર્થનમાં રહયો છે અને રહેશે. ભાજપની સરકાર દ્વારા કેન્દ્ર અને રાજયસ્તરે પણ થઈ રહેલા વિકાસકાર્યો તેમજ પક્ષની રાષ્ટ્રીયતાની નીતિઓ તથા વણઝારા સમાજ પ્રત્યેની પક્ષની નિષ્ઠાને કારણે સમાજે સતત ભાજપની પડખે રહેવાનું પસંદ કર્યું છે. મોટાભાગના જ્ઞાતિ સમાજો ચૂંટણીને ધ્યાને લઈ જુદાજુદા રાજકીય પક્ષો સમક્ષ પોતપોતાના હક્ક માટેની દાવેદારી કરી રહયા છે. ત્યારે વણઝારા સમાજે તકવાદી નીતિ અપનાવવાને બદલે અન્ય કોઈ પક્ષ સાથે સગવડીયું સમાધાન ન કરતાં ભાજપ પ્રત્યે વફાદારી યથાવત રાખી સમર્થન આપવાનો નિર્ણય કર્યો છે.

જુના કે નવા રચાયેલા પ્રજા વિજય પક્ષ સાથે સમાજને કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ સંબંધ અથવા સમર્થન નથી. પક્ષની નીતિને ધ્યાને રાખીને સમાજ દ્વારા સંનિષ્ઠ લોકસેવક અને સમસ્ત ગુજરાત વણઝારા સમાજના પ્રમુખશ્રી ગોવિંદભાઈ કે.વણઝારાને ગાંધીનગર દક્ષિણ વિભાગની બેઠક પરથી ટીકીટ ફાળવી સમાજને યોગ્ય પ્રતિનિધિત્વ આપવામાં આવે તેવી સમસ્ત વણઝારા સમાજની લાગણી અને માગણી રહી છે. ભારત-તિબેટ સહયોગ મંચના કૈલાસ માનસરોવર મુક્તિ અભિયાન અંતર્ગત કૈલાસ માનસરોવરની મુક્તિ માટેના ભારત તિબેટ સહયોગ મંચના ગુજરાત પ્રાંતના યુવા મંત્રી તરીકેની જવાબદારી પણ શ્રીવણઝારાજી નિભાવી રહયા છે.

★★★

# ભાજપના ૫૦ નેતાઓની ટિકીટ નિશ્ચિત હોવાના અહેવાલ વહેતા થયા


**ભાજપના કેટલાક ઉમેદવારોના નામ મીડિયામાં વહેતા થયા**

ગાંધીનગર, તા. ૮

ભારતીય જનતા પાર્ટીએ હજુ સુધી ઉમેદવારોની એકપણ યાદી બહાર પાડી નથી પરંતુ તે પહેલા નિશ્ચિત મનાઈ રહ્યા હોય તેવા કેટલાક નામોની યાદી મીડિયામાં વહેતી થતાં ઉત્તેજના જાગી છે. દિલ્હીમાં પાર્લામેન્ટરી બોર્ડની બેઠક બાદ ફાઈનલ યાદી જાહેર થશે પરંતુ તે પહેલા સંભવીત ઉમેદવારોની વહેતી થયેલી યાદીએ ઘણાની ઉંઘ ઉડાડી દીધી છે.

| | |
|---|---|
| મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ | હાર્દિક પટેલ |
| ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી | શંકર ચૌધરી |
| શિક્ષણમંત્રી જિતુ વાઘાણી | સંગીતા પાટીલ |
| આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ | ગણપતસિંહ વસાવા |
| નાણામંત્રી કનુભાઈ દેસાઈ | ઈશ્વર પટેલ |
| વનમંત્રી કિરીટસિંહ રાણા | બળવંતસિંહ રાજપૂત |
| મંત્રી અર્જુનસિંહ ચૌહાણ | જેઠા ભરવાડ |
| પૂર્વ મંત્રી કુંવરજી બાવળિયાવી | દિલીપ ઠાકોર |
| પૂર્વમંત્રી જયેશ રાદડિયા | હર્ષદ રિબડીયા |
| પૂર્વ મંત્રી જવાહર ચાવડા | ગીતાબા જાડેજા |
| મંત્રી દેવામાલ | રજની પટેલ, પૂર્વ ગૃહ રાજ્યમંત્રી |
| મંત્રી કુબેર ડીંડોર | કેતન ઈમાનદાર |
| મંત્રી જિતુ ચૌધરી | મધુ શ્રીવાસ્વત |
| મંત્રી કીર્તિસિંહ વાઘેલા | હીરા સોલંકી |
| મુકેશ પટેલ રાજ્યમંત્રી | પરસોત્તમ સોલંકી |
| આર.સી. મકવાણા રાજ્યમંત્રી | બાબુ બોખીરિયા |
| મનીષા વકીલ રાજ્યમંત્રી | પબુભા માણેક |
| નીમિષા સુથાર રાજ્યમંત્રી | જશા બારડ |
| નરેશ પટેલ આદિજાતિ મંત્રી | શશીકાંત પંડ્યા |
| અલ્પેશ ઠાકોર | બાબુભાઈ જમનાદાસ પટેલ |


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...




જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com